FILE NO.FRC/PRO./2024-25/BVN/BVN/406 DT. 12/11/2025

ફી નિયમન સમિતિ,રાજકોટ ઝોન,રાજકોટ,પ્રિન્સિપાલ બંગલો,એ.વી.પી.ટી.આઈ.- સ્ટાફ ક્વાટર્સ કેમ્પસ,
હેમુગઢવી હોલ પાછળ,ટાગોર રોડ,રાજકોટ-360 001
ઈ-મેઈલ-frcrajkotzone@gmail.com

| | |
|---|---|
| શાળાનું નામ | પોદાર ઇન્ટરનેશનલ સ્કુલ |
| ડાયસ કોડ | 24140506209 |
| માધ્યમ | અંગ્રેજી |
| બોર્ડ | CBSE |
| સરનામું | વરતેજ-સીદસર રોડ,મામાના ધાબા પાછળ,ફુલસર,ભાવનગર-૩૬૪૦૬૦ |

## વચગાળાનો હુકમ

### ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો ૨૦૧૭ અન્વયે ફી નિર્ધારિત કરતો હુકમ

૧. અરજદાર શાળાએ વર્ષ ૨૦૨૪-૨૫, ૨૦૨૫-૨૬, ૨૦૨૬-૨૭ ની ફી નિર્ધારિત કરવા હાલની દરખાસ્ત રજુ કરેલ છે.

૨. શાળા અંગ્રેજી માધ્યમમાં ચાલે છે.

૩. શાળા વરતેજ-સીદસર રોડ,મામાના ધાબા પાછળ,ફુલસર,ભાવનગર-૩૬૪૦૬૦ આવેલ છે.

૪. હાલની દરખાસ્ત પૂર્વ પ્રાથમિક/પાથમિક/માધ્યમિક વિભાગ માટે છે.

૫. શાળા યુ-ડાયસ નંબર – 24140506209 થી રજીસ્ટર્ડ થયેલ છે.

૬. શાળાએ ૨૦૨૪-૨૫, ૨૦૨૫-૨૬, ૨૦૨૬-૨૭ ની ફી નિર્ધારિત કરવા રજુ કરેલ વિગત, દસ્તાવેજોની ચકાસણી કરેલ છે.

FEE REGULATORY COMMITTEE GOVT. OF GUJARAT RAJKOT ZONE

૭. તમામ વિગતો ચકાસતા પ્રતિ વિદ્યાર્થી શાળાને થતો ખર્ચ તથા ફી નિર્ધારણ માટે નિયત કરેલ પરિબળો ધ્યાને લેતાં ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો ૨૦૧૭ ના નિયમ ૭ ના પેટા નિયમો ૩ અને ૪ સાથે વાંચતા તથા ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ ૨૦૧૭ ની કલમ ૧૦ અન્વયે મળેલી સત્તાની રુએ તથા નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦૦૩(૬) SCC ૬૯૭ પર ઇસ્લામિક એકેડમી ઓફ એજ્યુકેશન વિરુદ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકના ચુકાદામાં સ્કૂલની પ્રાપ્ય ફેસેલીટી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એજ ઓફ સ્કૂલ, કરેલ રોકાણ અને શૈક્ષણિક શિક્ષણનું સ્તર વધારવા અને સુધારવા અંગે ભવિષ્યની એક્ષપાન્શન વિગેરેની હકીકત ધ્યાને લઈ શકાય તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ૨૦૦૫(૬) SCC ૫૩૭ માં પી.એ. નામદાર વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદા નિર્ણિત થયેલ સિદ્ધાંત મુજબ સ્કૂલ નફાખોરી કરી શકે નહી. તે ધ્યાને લેતાં તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નંબર ૨૩૫૬/૨૧ ના ચુકાદામાં નિર્ણિત થયા મુજબ રિઝનેબલ સરપ્લસ ભવિષ્યના ડેવલપમેન્ટ માટે રાખી શકાય તે હકીકત ધ્યાને લેતાં તથા નામદાર સુપ્રિમ કોર્ટના સ્પેશિયલ લીવ ટુ પિટીશન નંબર ૩૧૪/૧૮ ના વચગાળાનો હુકમની હકીકત ધ્યાને લેતા આ હુકમમાં નિર્દેશ કરેલી શરતોને આધીન રહીને ફી નિયમન સમિતિ આથી નીચેના કોષ્ટકમાં નિર્દેશ કર્યા મુજબ સ્વનિર્ભર શાળા દ્વારા જુદા જુદા ધોરણમાં વિદ્યાર્થી દીઠ વસૂલવાની કુલ ફી નક્કી કરે છે.

## સુચિત ફી

| ધોરણ | માધ્યમ | વર્ષ 24-25 | વર્ષ 25-26 | વર્ષ 26-27 |
|---|---|---|---|---|
| PRE-PRIMARY | ENG | 40700 | 45590 | 51070 |
| 1-5 | ENG | 49520 | 55470 | 62130 |
| 6-8 | ENG | 54070 | 60560 | 67830 |
| 9-10 | ENG | 54070 | 60560 | 67830 |

## વર્ષ 2023-24 ની મંજુર ફી

| ધોરણ | માધ્યમ | વર્ષ 23-24 |
|---|---|---|
| PRE-PRIMARY | ENG | 39650 |
| 1-5 | ENG | 48200 |
| 6-8 | ENG | 52650 |
| 9-10 | ENG | 52650 |

FEE REGULATORY COMMITTEE GOVT. OF GUJARAT RAJKOT ZONE

## પૂર્વ પ્રાથમિક/ પ્રાથમિક/માધ્યમિક વિભાગ માટેની મંજૂર ફી

| ધોરણ | માધ્યમ | વર્ષ 24-25 | વર્ષ 25-26 | વર્ષ 26-27 |
|---|---|---|---|---|
| PRE-PRIMARY | ENG | 40700 | 42700 | 44800 |
| 1-5 | ENG | 49520 | 52000 | 54600 |
| 6-8 | ENG | 54070 | 56800 | 59600 |
| 9-10 | ENG | 54070 | 56800 | 59600 |

૮. અરજદાર શાળા વચગાળાના હુકમ મુજબની ફી કરતાં વધુ ફી વસૂલ કરી શકશે નહીં. કોઈ સંજોગોમાં વચગાળાના હુકમમાં ફેરફાર થાય અથવા ફી રિવિઝન કમિટીના હુકમમાં ફેરફાર થાય ત્યારે જે હુકમ જે તારીખે થયો હોય તેના બીજા ક્વાર્ટરમાં હુકમ મુજબ ફીમાં ફેરફાર કરવાનો રહેશે. તે સિવાય ફી નિયમન સમિતિએ કરેલા હુકમ મુજબની જ ફી શાળાએ વિદ્યાર્થી પાસેથી વસૂલ કરવાની રહેશે. અને આ હુકમનો અનાદર કરવામાં આવશે ત્યારે શાળા વિરુદ્ધ ફી નિયમન અધિનિયમની જોગવાઇઓ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

૯. અરજદાર શાળા વચગાળાના હુકમથી નારાજ હોય તો તેઓએ હુકમ મળ્યા તારીખથી દિન-7 માં ફી નિયમન સમિતિ, રાજકોટ સમક્ષ કારણો સહિત લેખિતમાં રિવ્યુ અરજી કરવાની રહેશે. જો અરજદાર શાળા વચગાળાના હુકમ વિરુદ્ધ નક્કી કરેલ સમય મર્યાદામાં રિવ્યુ અરજી કરવામાં નિષ્ફળ જાય તો વચગાળાનો કરેલો હુકમ આખરી અને નિર્ણાયક ગણવામાં આવશે.

૧૦. કોઈ પણ વાલી પાસેથી સને 2024-25 ના વર્ષ માટે વચગાળાના હુકમ કરતાં વધુ રકમ વસૂલ કરેલી હશે તો અન્ય સત્રમાં આ હુકમ બાદ મજરે આપવાની રહેશે.

ઉપર મુજબની ફી મજરે આપવાના કિસ્સામાં ક્યા વર્ષ ની વસુલવા પાત્ર ફીની સામે કેટલી રકમ મજરે આપી તે અને શાળા છોડી ગયાનાં કિસ્સામાં રિફંડપાત્ર રકમ, ચેક/ આર.ટી.જી.એસ./ ડી. ડી. નંબર, રકમ બેંકમાંથી ઉપાડ્યાની તારીખ આ તમામ વિગતો દરેક વિદ્યાર્થી ના નામ જોગ સી.એ.સર્ટિફાઇડ સ્ટેટમેન્ટ ના સ્વરૂપે રજૂ કરવાની રહેશે અને આ સંપૂર્ણ રકમ ત્યાર પછીના વર્ષના હિસાબોમાં વસૂલી ફી રિફંડ ખાતુ એવા હેડમાં અલગથી દર્શાવવાનું રહેશે.

FEE REGULATORY COMMITTEE GOVT. OF GUJARAT RAJKOT ZONE

આગામી વર્ષમાં આ કચેરીમાં રજૂ કરતી વખતે ઉપર મુજબનું સોગંદનામું અને સી.એ. નું સર્ટીફીકેટ અચૂક રજૂ કરવાનું રહેશે.

૧૧. અરજદાર શાળાએ ફી નિયમન સમિતિ, રાજકોટ દ્વારા નક્કી કરવામાં આવેલી ફી શાળાનાં નોટિસ બોર્ડ ઉપર તેમજ શાળાની વેબસાઇટ ઉપર અંગ્રેજી તથા ગુજરાતીમાં પ્રસિદ્ધ કરવાની રહેશે.

૧૨. ફી નિયમન સમિતિ નક્કી કરેલ કરતા વધુ ફી શાળાએ મેળવેલ હોય તે વિદ્યાર્થી અથવા તેના વાલીને દિન -30 માં પરત આપવાની અથવા સરભર કરવાની રહેશે.

૧૩. શાળા એક સાથે માત્ર એક સત્રની ફી લઇ શકશે. તેનાથી વધુ ફી લેવામાં આવશે તો ફી નિયમન અધિનિયમની જોગવાઈ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૧૪. નિયત કરેલ ફી સંબંધે સ્પષ્ટતા કરવાની કે આ ફી નામદાર સુપ્રીમ કોર્ટના હુકમને આધિન રહેશે.

**-Sd-**
**N.B.PITHVA**
**CHAIRMAN**
**FRC-Rajkot.**

FEE REGULATORY COMMITTEE * GOVT. OF GUJARAT * RAJKOT ZONE *

**Certified Copy**
**By order for/**
**On behalf of**
**FRC-Rajkot.**

**V.J.Babariya**
**Education Inspector**
**FRC-Rajkot.**

નકલ રવાના : મારફત તથા જાણ અને અમલ સારૂં

૧.સંયોજક અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી-ફી નિયમન સમિતિ, રાજકોટ ઝોન, રાજકોટ.
૨. સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
૩. ઓફિસ કોપી-ફી નિયમન સમિતિ, રાજકોટ ઝોન, રાજકોટ.